વાપીના CGST સુપ્રિ.ની કારને અકસ્માત અને તેમાંથી 54.50 લાખ રોકડા મળ્યા

સેન્ટ્રલ જીએસટી સુપ્રિન્ટેન્ડેન્ટની કાર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ઓવરપાસથી નીચે પટકાઈ, પરિવાર ગંભીર રીતે ઘાયલ

દિવાળીના તહેવાર પર વતન રાજસ્થાન જઈ રહેલા પરિવારના અકસ્માત બાદ રોકડા અને દાગીના મળતા આઈટી વિભાગને જાણ કરાઈ

વાપી : વાપી ખાતે સેન્ટ્રલ જીએસટી (Central GST) વિભાગમાં સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા પ્રવીણ મીણા દિવાળીની રજાઓ માણવા પરિવાર સાથે પોતાના વતન રાજસ્થાન જઈ રહ્યા હતા. તે દરમિયાન મધ્યપ્રદેશના રતલામ (જવરા) નજીક દિલ્હી-મુંબઈ 8-લેન એક્સપ્રેસ-વે પર તેમની કાર અકસ્માતનો ભોગ બની હતી. કાર અનિયંત્રિત થઈને ઓવરપાસ પરથી નીચે પટકાવવાને કારણે એજન્સીના અધિકારી, તેમના પત્ની અને બે બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

વાપીમાં પોસ્ટિંગ ધરાવતા સેન્ટ્રલ જીએસટી સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રવીણ મીણા (ઉ.વ. 40) ગુરુવારે સાંજે પત્ની સંતોષ, બે પુત્રો આદિત્ય (10) અને અથર્વ (7) સાથે પોતાના ઘરે જવરા નીકળ્યા હતા.

જવરા નજીક સાડાબીડી રોડના ઓવરપાસ પાસે કાર પરથી કાબૂ ગુમાવતાં કાર 8-લેન એક્સપ્રેસ-વે પરથી નીચે પટકાઈ હતી. ભડાકા સાથે થયેલા અકસ્માતને પગલે આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા અને ક્ષતિગ્રસ્ત કારમાંથી પરિવારને બહાર કાઢી રતલામ મેડિકલ કોલેજ ખસેડ્યા હતા.

અકસ્માત બાદ સ્થળ પર પહોંચેલી પોલીસે બચાવ કામગીરી દરમિયાન કારમાંથી 54.50 લાખ રૂપિયા રોકડા અને સોના તથા ચાંદીની જ્વેલરી જપ્ત કર્યા હોવાની ચર્ચા છે. રતલામ એસપી અમિત કુમાર અને જવરા IA થાણા પ્રભારી સુમિત મિશ્રાએ જણાવ્યું હતું કે, અમારી પ્રાથમિકતા ઈજાગ્રસ્ત પરિવારની જાન બચાવવાની છે. જીએસટી અધિકારીની તબિયત ગંભીર હોવાથી હાલ તેમના સ્ટેટમેન્ટ લઈ શકાયા નથી, પરંતુ રોકડ અને દાગીનાનો સોર્સ જાણવા માટે આઈટી વિભાગને વિધિવત જાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ રીતે કારમાંથી રોકડા મળવાની ઘટનાને પગલે ભારે ચકચાર જાગી હતી.

દિવાળી આવી ઠંડી વધી, રાત્રિના તાપમાનમાં ઘટાડો

વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડી વધી

લઘુત્તમ તાપમાન 23.2 ડિગ્રી નોંધાયું

સુરતઃ સુરત શહેરમાં ધીમે ધીમે ઋતુ પરિવર્તનનો અહેસાસ થવા લાગ્યો છે. છેલ્લા બે દિવસથી વહેલી સવારે અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત્ છે, પરંતુ રાત્રિના તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીની શરૂઆતના એંધાણ મળી રહ્યાં છે.

હવામાનના આંકડા મુજબ સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 36.8 ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો નોંધાતાં પારો 23.2 ડિગ્રી સુધી પહોંચ્યો હતો. હવામાં ભેજનું પ્રમાણ પણ ઘટીને 33 ટકા નોંધાયું હતું. આમ, દિવસ અને રાતના તાપમાનમાં તફાવત જોવા મળી રહ્યો છે. બપોરના સમયે ગરમી અનુભવાય છે, જ્યારે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકને કારણે વાતાવરણ આહલાદક બની રહ્યું છે. સામાન્ય રીતે સુરતમાં દિવાળીના તહેવારની આસપાસ ઠંડીનું આગમન થતું હોય છે. આ વખતે પણ દિવાળી નજીક આવતાં જ હવામાનમાં બદલાવના સંકેતો દેખાવા લાગ્યા છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો અને હવામાં ભેજનું પ્રમાણ ઓછું થવાથી શિયાળાની શરૂઆતની અનુભૂતિ થઈ રહી છે. હાલમાં દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડક એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થાય તો શહેરમાં ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બની શકે છે. આમ, સુરતવાસીઓ માટે શિયાળાની ઋતુએ ધીમા પગલે દસ્તક આપી દીધી છે.

36 તલાટીની બદલી મુદ્દે જિલ્લા પંચાયતમાં વિવાદ વકર્યો

પદાધિકારીઓને વિશ્વાસમાં લીધા વિના DDOએ બદલીના ઓર્ડર કરતાં નારાજગી

બદલીઓ પાછળ વહેવાર થયાની પણ ચર્ચા

બીજી તરફ બદલીઓ પાછળ કેટલાક તલાટીઓ સાથે આર્થિક વહેવાર થયો હોવાની ચર્ચાઓ પણ ઊઠી રહી છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કે પુરાવા સામે આવ્યા નથી. તેમ છતાં આવી ચર્ચાઓને કારણે બદલી પ્રક્રિયાની પારદર્શિતા સામે સવાલો ઊભા થયા છે. હવે આ સમગ્ર મામલે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ શું વલણ અપનાવે છે અને બદલી પ્રક્રિયા અંગે કોઈ ફેરવિચારણા થાય છે કે કેમ તેના પર સૌની નજર મંડાઈ છે.

સુરતઃ સુરત જિલ્લા પંચાયતમાં તલાટીઓની બદલીને લઈને ફરી એક વખત વહીવટી અને રાજકીય વિવાદ ઊભો થયો છે. જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર મીનાએ 36 તલાટીઓની બદલીના આદેશ કરતાં જિ.પંચાયતના પદાધિકારીઓમાં નારાજગી ફેલાઈ છે. પદાધિકારીઓને વિશ્વાસમાં લીધા વિના, કોઈ ચર્ચા કર્યા વિના બદલીઓ કરાતાં મામલો વિવાદનું કેન્દ્ર બન્યો છે.

જિલ્લા પંચાયતની વહીવટી વ્યવસ્થામાં અધિકારીઓ અને ચૂંટાયેલા પદાધિકારીઓ વચ્ચે સંકલન અત્યંત મહત્ત્વનું હોય છે. ખાસ કરીને પંચાયતના વહીવટી નિર્ણયો લેતી વખતે બંને વચ્ચે પરસ્પર ચર્ચા અને વિશ્વાસનું વાતાવરણ જળવાઈ રહે એ જરૂરી માનવામાં આવે છે. જોકે, તલાટીઓની બદલીના તાજેતરના નિર્ણયમાં આ સંકલનનો અભાવ જોવા મળ્યો હોવાની ચર્ચા જિલ્લા પંચાયતના વર્તુળોમાં થઈ રહી છે. તલાટીઓની બદલી કરવાની સત્તા ભલે વહીવટી રીતે અધિકારીક સ્તરે આવતી હોય, પરંતુ આ નિર્ણય માત્ર કચેરી પૂરતો મર્યાદિત રહેતો નથી. ગામના વહીવટી કામકાજ, સરકારી યોજનાઓના અમલીકરણ, મહેસૂલી કામગીરી અને સ્થાનિક પ્રશ્નોના નિરાકરણમાં તલાટીઓની ભૂમિકા મહત્ત્વની હોય છે. કોઈ ગામમાં ક્યા તલાટીની નિમણૂક થાય છે અને કોની બદલી ક્યાં કરવામાં આવે છે તેની સીધી અસર ગામના વહીવટ પર પડે છે.

31 વર્ષનો શૈક્ષણિક અનુભવ, સંસ્થાને NAACમાં A+ સુધી લઈ જનાર

પી.ટી.સાયન્સના પ્રિન્સિપાલ ડૉ.પૃથુલ દેસાઈ ગુજરાત યુનિ.ના કુલપતિ બન્યા



પ્રિન્સિપાલ તરીકેના 14 વર્ષના અનુભવ અને શૈક્ષણિક નેતૃત્વની કદર

પાંચ વર્ષ અથવા 65 વર્ષની ઉંમર સુધી સંભાળશે કુલપતિપદની જવાબદારી

રાજ્યની ત્રણ યુનિ.માં દ.ગુ. યુનિ.ના ચાર વ્યક્તિ વીસી બન્યા

1. ડો. કીશોરસિંહ ચાવડા (VNSGU)
2. ડો. મધુકર પાડવી (બિરસા મુંડા યુનિવર્સિટી)
3. ડો. કીશોરભાઈ પોરિયા (HNGU)
4. ડો. પૃથુલભાઈ દેસાઈ (ગુજરાત યુનિવર્સિટી)

સુરત : શૈક્ષણિક ક્ષેત્રે લાંબા અનુભવ, સંસ્થાકીય વિકાસ અને ગુણવત્તાયુક્ત શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપનાર સુરતની સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. પૃથુલ રમેશભાઈ દેસાઈની ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ (વાઈસ ચાન્સેલર) તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ડૉ. પૃથુલ દેસાઈ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે 31 વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકેની કારકિર્દી ઉપરાંત તેમણે 14 વર્ષથી વધુ સમય સુધી પ્રિન્સિપાલ તરીકે સંસ્થાકીય નેતૃત્વ સંભાળ્યું છે. શૈક્ષણિક વહીવટ, સંસ્થાકીય ગવર્નન્સ, અભ્યાસક્રમ વિકાસ, સંશોધન, NAAC એક્રેડિટેશન અને ગુણવત્તા સુધારણા જેવા ક્ષેત્રોમાં તેમની વિશેષ નિપુણતા છે. નવી શિક્ષણ નીતિ (NEP) આધારિત સુધારાઓના અમલીકરણમાં પણ તેમનો અનુભવ રહ્યો છે.

ફટાકડાથી ઉધનામાં બંધ મકાન અને વેસ્ટેજના ગોડાઉનમાં આગ



સુરતઃ શહેરના ઉધના વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે ફટાકડાના તણખાથી આગ લાગવાના બે અલગ-અલગ બનાવો બન્યા હતા. કાશીનગર સોસાયટીના એક બંધ મકાનમાં આગ લાગી હતી, જ્યારે લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઝમાં કારબીઝ વેસ્ટેજના વિશાળ ગોડાઉનમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

ફાયર સબ ઓફિસર નરોત્તમ ખલાસીએ જણાવ્યું હતું કે, ઉધના રોડ પર સુવિધા હોસ્પિટલ નજીક આવેલી કાશીનગર સોસાયટીના પહેલા માળે આવેલા મકાનમાં પ્રથમ બનાવ બન્યો હતો. મકાનમાં રહેતા નિકુંજભાઈ દિવાળી વેકેશન નિમિત્તે પરિવાર સાથે વતન ગયા હોવાથી ઘર બંધ હતું.

બારીમાંથી ધુમાડો નીકળતો જોઈ સ્થાનિકોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની બે ગાડીએ સ્થળ પર પહોંચી આગને બાજુના રૂમોમાં ફેલાતી અટકાવી હતી.

બીજો બનાવ ઉધના રોડ પર બીઆરસી દક્ષેશ્વર મંદિર નજીક આવેલી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઝમાં બન્યો હતો. અહીં કારબીઝ વેસ્ટેજના ગોડાઉન પાસે ફટાકડા ફોડતી વખતે ઉડેલા તણખાથી સૂકા વેસ્ટેજના જથ્થામાં આગ લાગી હતી. આગની તીવ્રતાને કારણે પતરાનો શેડ પણ નમી પડ્યો હતો.ફાયરે દોડી આવીને આગને કાબુમાં લીધી હતી.

તહેવારોમાં ભેળસેળિયા તત્ત્વોની ખેર નહીં!

ડુપ્લિકેટ ઘીથી લઈને એનાલોગ પનીર-ચીઝ વેચનારાઓ સામે સરકાર સખ્ત



આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની સુરતથી રાજ્યવ્યાપી સમીક્ષા બેઠક

હોટેલ-રેસ્ટોરન્ટની સ્વચ્છતા પર પણ રહેશે નજર

મંત્રી પાનશેરિયાએ હોટેલ, રેસ્ટોરન્ટ અને ફૂડ સ્ટ્રીટ્સમાં સ્વચ્છતાના માપદંડો તથા નિર્ધારિત SOPનું ચુસ્ત પાલન કરાવવા અધિકારીઓને સૂચના આપી હતી. ફૂડ સેમ્પલિંગ, દંડાત્મક કાર્યવાહી અને આરોગ્ય સેવાઓની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

સુરતઃ દિવાળીમાં ખાદ્ય ચીજોમાં ભેળસેળનું દૂષણ પણ માથું ઊંચકે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ખાદ્ય સુરક્ષાને લઈને કડક વલણ અપનાવ્યું છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા વેપારીઓ અને ઉત્પાદકો સામે હવે કાયદાનો કોરડો વીંઝવાની તૈયારી કરવામાં આવી છે.

સુરતથી આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તથા તમામ જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ડુપ્લિકેટ ઘી, એનાલોગ પનીર, ચીઝ અને બટર સહિતની ભેળસેળયુક્ત ખાદ્ય સામગ્રી બનાવતી કંપનીઓ અને એકમો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને પ્લાસ્ટિકના રેપર પર માત્ર 'ઘી' લખીને પામ ઓઈલ જેવા ઉત્પાદનોનું વેચાણ કરીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા ઉત્પાદકો સામે કાયદેસરના કેસ કરવાની સૂચના આપવામાં આવી છે. સીલ ખોલીને માલની હેરાફેરી કરનારાઓ સામે પોલીસના સહયોગથી FIR નોંધાવવાની પણ કાર્યવાહી કરાશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

સુરત ખાલી,...

સર્જાઈ છે. છેલ્લા ચાર દિવસ દરમિયાન સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોના પ્રચંડ પ્રવાહને કારણે હડકંપ જેવો માહોલ જોવા મળ્યો હતો. ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને મધ્યપ્રદેશ તરફ જતી નિયમિત ટ્રેનોમાં -માત્ર જગ્યા નહોતી. મુસાફરોની ભારે ધસારો જોતાં રેલવે તંત્ર દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હોવા છતાં, જનરલ તેમજ સ્લીપર કોચમાં ભારે ભીડ જોવા મળી હતી. લાખોની સંખ્યામાં લોકોએ ટ્રેન દ્વારા જ મુસાફરી કરવાનું પસંદ કર્યું હતું. રેલવે ઉપરાંત, ગુજરાતના વિવિધ જિલ્લાઓ તેમજ મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં જવા માટે એસ.ટી. નિગમ દ્વારા વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ખાનગી લક્ઝરી બસ ઓપરેટરો દ્વારા પણ ભારે બુકિંગ નોંધાયું હતું. સુરતના લિંબાયત, કામરેજ, પાલનપોર કેનાલ અને વરાછા સહિતના વિસ્તારોમાંથી સેંકડો ખાનગી લક્ઝરી બસો મુસાફરોને લઈને રવાના થઈ હતી. ખાનગી બસોમાં ભારે માંગના કારણે ભાડામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. માત્ર સામાન્ય માર્ગો જ નહીં, પરંતુ સુરત એરપોર્ટ પરથી પણ હવાઈ મુસાફરી કરનારાઓની સંખ્યામાં મોટો ઉછાળો નોંધાયો હતો. સુરતથી દિલ્હી, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ અને અન્ય મુખ્ય શહેરો માટેની ફ્લાઈટ્સમાં ભારે ભીડ રહી હતી. સમયની બચત કરવા અને આરામદાયક મુસાફરી માટે મધ્યમ અને ઉચ્ચ વર્ગના લોકોએ વિમાની માર્ગને પ્રાધાન્ય આપ્યું હતું.

વટામણ ચોકડી...

ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વટામણ ચોકડી પર લક્ઝરી બસો, એસટી બસો, ફોર વ્હીલર અને ખાનગી વાહનોની લાંબી કતારો લાગતાં વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાયા હતા. વટામણ ચોકડી પસાર કરવામાં જ બે થી ચાર કલાક જેટલો સમય લાગી રહ્યો હોવાનું મુસાફરો જણાવી રહ્યા છે. ડાયમંડ વર્કર યુનિયનના પ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, વટામણ ચોકડી પર સર્જાયેલા ભારે ટ્રાફિકજામને કારણે તેમને પણ ચોકડી પર જ અંદાજે બે કલાક સુધી અટવાઈ રહેવું પડ્યું હતું. લક્ઝરી બસો અને ખાનગી વાહનોની સંખ્યા ખૂબ વધી જતાં વાહનોની ગતિ સાવ ધીમી પડી ગઈ હતી. અનેક મુસાફરોને સમયસર પોતાના વતન પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે.

હવાઈ મુસાફરીમાં પણ નો રૂમની સ્થિતિ

માત્ર માર્ગ પરિવહન જ નહીં, હવાઈ મુસાફરીમાં પણ દિવાળીના વેકેશનની અસર જોવા મળી રહી છે. સુરતથી અમરેલી, ભાવનગર, જામનગર અને રાજકોટ તરફ જતી ફ્લાઈટ્સમાં મંગળવાર સુધી સીટ ઉપલબ્ધ ન હોવાની સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ ગીર સોમનાથની નજીક આવેલા દીવ માટેની સુરતથી ફ્લાઈટમાં પણ વેકેશન દરમિયાન ભારે બુકિંગને કારણે લગભગ ફુલ ઓક્યુપન્સી જોવા મળી રહી છે.

ટુ-વ્હીલરચાલકો...

નજીક આવેલા કાચા રસ્તાઓનો સહારો લઈને આગળ વધી રહ્યા છે. જોકે, આવા રસ્તાઓ પર મુસાફરી કરવી પણ જોખમી બની શકે છે. ખાસ કરીને રાત્રિના સમયે અને વધુ વાહનવ્યવહાર વચ્ચે ટુ-વ્હીલરચાલકોએ સાવચેતી રાખવી જરૂરી બની છે.

ખાનગી...

અને મહારાષ્ટ્ર તરફ દોડી હતી. એક સીટ પર બે મુસાફરને બેસાડતા હોય પ્રત્યેક બસમાં 60-65થી વધુ મુસાફરો બેસીને રવાના થયા છે. આ ગણતરી મુજબ ત્રણ દિવસમાં 6000 બસમાં 3.90 લાખ મુસાફરો ખાનગી બસો મારફતે વતન રવાના થયા છે.

16 પાયલોટની...

થઈ ગઈ હોવાથી તેમનું પોસ્ટીંગ સુરતમાં કરવામાં આવ્યું છે. હાલ આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કુલ બે મહિલા પાયલોટ પસંદગી પામી છે, પરંતુ તે પૈકી ગુજરાતમાંથી પસંદગી પામનાર બિલ્કીસ નાઝ પ્રથમ અને એકમાત્ર યુવતી છે.

ઉધના સ્ટેશનથી...

મુસાફરોને અલગ-અલગ ટ્રેનોથી રવાના કરવામાં આવ્યાં. તેમાં સૌથી વધુ ભીડ 6 નવેમ્બરે રહી, જ્યારે એક જ દિવસમાં લગભગ 35,704 મુસાફરોએ મુસાફરી માટે ટિકિટ બુક કરાવી. આ પહેલાં 1 નવેમ્બરે લગભગ 30 હજાર મુસાફરોના રવાના થવાનો રેકોર્ડ બન્યો હતો. ભીડને સંભાળવામાં ઉધના સ્ટેશન પર તૈયાર કરાયેલા હોલ્ડિંગ એરિયાની મહત્ત્વની ભૂમિકા રહી. 6 નવેમ્બરે મુસાફરોની વધારાની ભીડને જોતા છ સ્પેશિયલ અને ત્રણ નિયમિત ટ્રેનો દોડાવવામાં આવી હતી. હોલ્ડિંગ એરિયામાં બનાવેલા 10 અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર પણ જબરદસ્ત વેપાર થયો હતો. આંકડા મુજબ, આ કાઉન્ટરોથી એક દિવસમાં 28,928 ટિકિટોનું વેચાણ થયું અને 35,704 મુસાફરોની બુકિંગ દ્વારા 1 કરોડ 28 લાખ 54 હજાર 290 રૂપિયાની આવક મળી. 7 નવેમ્બરે પણ મુસાફરોની અવરજવર સતત ચાલુ રહી. બપોરે 1 વાગ્યા સુધીમાં નિયમિત અને સ્પેશિયલ મળીને નવ ટ્રેનો સંચાલિત થઈ ચૂકી હતી અને લગભગ 15,100 મુસાફરો રવાના થઈ ચૂક્યા હતા. ટિકિટ વેચાણનો આંકડો 20 હજાર સુધી પહોંચ્યો હતો. સાંજ સુધી મુસાફરોની અવરજવર ચાલુ રહી.

મુસાફરો 5થી 10 કલાક વહેલા જ પહોંચે છે

પરપ્રાંતિય કામદારો ટ્રેન પકડવા માટે નિર્ધારિત સમય કરતાં 5થી 10 કલાક વહેલા જ સ્ટેશને પહોંચ્યા હતા. રેલવેના હોલ્ડિંગ એરિયાને કારણે મુસાફરોને આકરા તડકાથી છતનું રક્ષણ તો મળ્યું પરંતુ ભીડ અતિશય વધી જતાં બેસવાની જગ્યા ઓછી પડી રહી છે. પરિણામે, બાળકો અને વૃદ્ધો સહિત હજારો મુસાફરો કલાકો સુધી સામાન સાથે ઊભા રહીને ટ્રેનની રાહ જોવા મજબૂર બન્યા હતા.

ત્રણ દિવસમાં...

એસટીને કુલ 2 કરોડ 3 લાખ 86 હજાર 927 રૂપિયાની આવક થઈ છે. દિવાળી વેકેશનમાં વતન જવા મુસાફરોની આ વધારાની ભીડને પહોંચી વળવા માટે એસટી દ્વારા નિયમિત રૂટ ઉપરાંત વધારાની બસો પણ દોડાવવામાં આવી હતી. ખાસ કરીને અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટ, ગારિયાધાર, મહુવા, ઝાલોદ, સાવરકુંડલા, ઉના, દાહોદ, રામનગર ઝાલોદ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર અને મોરબી તરફ જતી બસોમાં સૌથી વધુ ભીડ જોવા મળી હતી.

ખંભાતની યુવતી...

તે બુલેટ ટ્રેનના સ્ટેયરિંગ પર હવે ગુજરાતની દીકરીનો મક્કમ હાથ હશે. આણંદ જિલ્લાના ઐતિહાસિક ખંભાત શહેરની વતની અને કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયર બિલ્કીસ નાઝ મિર્ઝા અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન ચલાવનાર ગુજરાતની પ્રથમ મહિલા પાયલોટ તરીકે પસંદગી પામી છે. અમદાવાદ મેટ્રોમાં પાંચ વર્ષ સુધી સફળ કામગીરી બજાવ્યા બાદ નવી દિલ્હી ખાતે યોજાયેલી કઠિન લેખિત પરીક્ષા અને કડક ટેકનિકલ ઈન્ટરવ્યુ ઉત્તીર્ણ કરીને તેમણે આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાસિલ કરી છે. મક્કમ આત્મવિશ્વાસ અને કંઈક વિશેષ હાસિલ કરવાની તીવ્ર ઈચ્છાશક્તિ ધરાવતી બિલ્કીસ નાઝ મિર્ઝાનો જન્મ અને પ્રારંભિક ઉછેર ખંભાતમાં થયો છે. તેમણે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખંભાતની સ્થાનિક શાળાઓમાંથી પૂરું કર્યું હતું. હાલ તેઓ સુરત ખાતે તાલિમ લઈ રહ્યાં છે.

મેટ્રોના અનેક ઉમેદવારોએ દિલ્હીમાં પરીક્ષા આપી હતી

નવી દિલ્હી ખાતે દેશભરના મેટ્રો પ્રોજેક્ટોમાંથી આવેલા અનેક ઉમેદવારો માટે લેખિત પરીક્ષા યોજાઈ હતી, જેમાં બિલ્કીસ નાઝ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા. ત્યારબાદ યોજાયેલા વ્યક્તિગત ઈન્ટરવ્યુમાં પસંદગીકારો સમક્ષ તેમણે પોતાનું ઉચ્ચ માનસિક કૌશલ્ય અને ટેકનિકલ નોલેજ પૂરવાર કર્યું. તેમની માનસિક સજ્જતા, નિર્ણયશક્તિ અને ટેકનિકલ જ્ઞાનથી પ્રભાવિત થઈને બોર્ડે બુલેટ ટ્રેન પાયલોટ તરીકે તેમની આખરી પસંદગી કરી હતી. હાલમાં બિલ્કીસ નાઝ સુરત ખાતે સ્થિત તાલીમ કેન્દ્રમાં રુબરૂ જોઈન થઈને હાઈસ્પીડ ટ્રેન સંચાલનની ગહન તાલીમ મેળવી રહ્યા છે અને પોતાની નવી જવાબદારી સંભાળવા માટે અત્યંત ઉત્સાહિત છે.

દિવાળી અને...

આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે. સુરતનાં જાણીતા જ્યોતિષ હંસરાજના જણાવ્યાં મુજબ દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે પડતર દિવસ આવવો એ દર વર્ષની નિશ્ચિત ઘટના નથી. ચંદ્રની ગતિ, અમાસ અને એકમની તિથિના સમયગાળા તથા સૂર્યોદયના આધારે આ સ્થિતિ નક્કી થાય છે. આગામી વર્ષ 2027માં દિવાળી 29 ઓક્ટોબરે અને બેસતું વર્ષ 30 ઓક્ટોબરે હોવાથી વચ્ચે અલગ પડતર દિવસ રહેશે નહીં.

વર્ષ 2026માં પણ કેમ આવ્યો ધોકો?

વર્ષ 2026માં 8 નવેમ્બરના રોજ દિવાળી છે. ત્યારબાદ 9 નવેમ્બરના રોજ સૂર્યોદય સમયે અમાસની તિથિ ચાલુ હોવાથી આ દિવસ પડતર રહેશે. કારતક સુદ એકમનો સૂર્યોદય 10 નવેમ્બરે થતો હોવાથી આ દિવસે બેસતા વર્ષની ઉજવણી કરવામાં આવશે.

આજે દિવાળી...

તહેવારની તૈયારીઓમાં વ્યસ્ત રહેશે. ઘરના આંગણે રંગબેરંગી રંગોળી બનાવવામાં આવશે, જ્યારે મુખ્ય દરવાજા અને ઘરના વિવિધ ભાગોમાં દીવડાઓ તથા રોશનીની સજાવટ કરવામાં આવશે. સાંજના સમયે પરિવારજનો સાથે લક્ષ્મીજી અને ગણેશજીનું પૂજન કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવશે. દિવાળીના પર્વમાં પરિવારના સભ્યો, સગા સંબંધીઓ અને મિત્રોને મળીને શુભેચ્છાઓ પાઠવવાની પરંપરા પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. મીઠાઈ અને ફરસાણની આપ-લે સાથે લોકો એકબીજાના જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે તેવી શુભકામનાઓ આપશે. આમ, આજે શહેરમાં ભક્તિ, પરંપરા અને આનંદના ત્રિવેણી સંગમ સાથે પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી થશે.

1 ડિસેમ્બરથી...

સુરત પરત ફરશે. આમ, એક જ દિવસમાં સુરતથી યુએઈનાં બે મહત્ત્વપૂર્ણ શહેરો માટે અલગ-અલગ સમયે સીધી હવાઈ સેવા ઉપલબ્ધ થશે. બંને ફ્લાઈટના સમયગાળાને કારણે મુસાફરો પોતાની જરૂરિયાત અને પ્રવાસના આયોજન પ્રમાણે દુબઈ અથવા શારજાહની પસંદગી કરી શકશે. સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હીરા અને કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ, ઉદ્યોગકારો તેમજ યુએઈમાં વસતા ગુજરાતી પરિવારો માટે આ સેવા વિશેષ ઉપયોગી સાબિત થઈ શકે છે

નવી પેઢી...

જોઈએ કે તે પોતાના પગ પર ઊભી રહીને આત્મનિર્ભર બની શકે. સાથોસાથ દીકરીઓમાં પણ ઉચ્ચ અભ્યાસ માટે અંદરથી તીવ્ર તાલાવેલી હોવી જોઈએ. તેઓ બીજી વાત પર ભાર મૂકતા કહે છે કે, વિદ્યાર્થીઓએ કોઈના દબાણ, સલાહ કે દેખાદેખીથી વિદ્યાશાખા પસંદ ન કરવી જોઈએ. જે વિષયમાં પોતે ખીલી ઉઠતા હોય અને જેમાં પોતાનો રસ હોય તે જ ક્ષેત્રમાં અભ્યાસ કરવાથી શ્રેષ્ઠ પરિણામ મળે છે.

ઓનલાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ
જાહેર નિવીદા નં. ૨૨ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ (મા.મ) વિભાગ, ગાયત્રીનગર, ભરૂચ કોડ નં. ૩૯૨૦૦૧ (ફોન નં. ૦૨૬૪૨-૨૬૧૩૯૪) હસ્તક આવેલ મકાનોના કન્સ્ટ્રક્શન/રીપેરીંગના ૦૫ કામ જે કુલ ૦૫ કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી કિંમત રૂા. ૧૧.૪૫ લાખથી રૂા. ૫૬.૪૪ લાખ વચ્ચે છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ http://tender.nprocure.com વેબસાઈટ ઉપર તા. ૨૧/૧૧/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. નિવીદામાં થનાર ફેરફાર વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૪૬૬/૨૦૨૬

ઓનલાઈન જાહેર નિવિદા નં. ૦૫-૨૬-૨૭

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર એસએસએ જિ : નર્મદા ફોન નં : ૦૨૬૪૦૨૨૧૫૧૯ તરફથી શાળામાં નવીન મલ્ટીપર્પઝ શેડ, ટોઇલેટ બ્લોક, મધ્યાહન ભોજન રૂમ તથા નવીન કલાસરૂમ ના પેકેજ માટે યોગ્ય શ્રેણી તથા કાર્યક્ષેત્રમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી જરૂરી આધાર પુરાવા સાથે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જે ટેન્ડર આઈ.ડી નં-364151-364282-364351-364373 અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત ઈન્ટરનેટ વેબસાઈટ www.nprocure.com પરથી જોઈ શકાશે. ટેન્ડર ભર્યાબાદ તમામ આધારો RPAD થી પહોંચાડવાના રહેશે. સદરહુ ભૌતિક આધારો રજુ થયેલ નહિ હોય તો તેવા ઈજારદારશ્રીઓના ટેન્ડર ખોલવામાં આવશે નહિ. ટેન્ડર માન્ય કે અમાન્ય કરવાની સંપૂર્ણ સત્તા નીચે સહી કરવાની રહેશે.

ઓનલાઈન ટેન્ડરીંગ માટેનું સમયપત્રક

અનુ નં	વિગત	તારીખ તથા સમય
૧	બીડ ડોકયુમેન્ટ ડાઉનલોડીંગ	૧૨/૧૧/૨૦૨૬ થી ૨૭/૧૧/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી
૨	બીડ ડોકયુમેન્ટ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને ઓનલાઈન ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તારીખ અને સમય	૨૭/૧૧/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી
૩	ટેન્ડર ફી, બીડ સીકયુરીટી, ટેકનીકલ જરૂરી આધારપુરાવા ભૌતિક સ્વરૂપમાં ઓફિસ સમયમાં આપવાની તારીખ અને સમય	૩૦/૧૧/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી
૪	ટેન્ડર ઓનલાઈન ઓપનીંગ કરવાની તારીખ	૦૧/૧૨/૨૦૨૬ ૧૨:૦૦ કલાક

સહી
ડીસ્ટ્રીકટ પ્રોજેક્ટ કો- ઓર્ડીનેટર
સમગ્ર શિક્ષા, નર્મદા

માહિતી/નર્મદા/૩૬૫/૨૦૨૬-૨૭

